


પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૫/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ વૈશાખ વદ-૮-૯ વર્ષ : ૧૫ અંક : ૧૨૭




## રાજય સરકાર દ્વારા રૂપિયા ૨૭ કરોડ જેવી અધધ રકમની ફાળવણી

# અંતે અમરેલીનાં ગૌરવસમા ''રાજમહેલ''નો ઉધ્ધાર થશે

**સમગ્ર જિલ્લાનાં ગૌરવ સમાન અને પ્રજાવત્સલ રાજવી ગાયકવાડ સ્ટેટની ઓળખ જળવાશે**

**''રાજમહેલ'' ઉપરાંત સમગ્ર કેમ્પસનું આધુનિકીકરણ કરવામાં આવશે**

**નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમત, રજૂઆત બાદ અમરેલી હવે અમરવલ્લી બનવા તરફ આગળ વધશે**

**આગામી દિવસોમાં શહેરની ચારે દિશાઓમાં વિકાસકાર્યોનો ધમધમાટ શરૂ થઈ જશે**







પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૧૨

અમરેલી એ જિલ્લાનું મુખ્યમથક હોય જેની હાલત તાલુકા કક્ષાનાં કોઈ શહેર જેવી હોય પરંતુ, અમરેલીનાં યુવા ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાની ઈચ્છા શકિતનાં કારણે શહેર હવે ખરા અર્થમાં જિલ્લાનું મુખ્ય મથક બનવા આગળ વધી રહ્યું હોય તેવી ઘટનાઓ એક પછી એક પ્રકાશમાં આવી રહી છે.

અમરેલીમાં રૂપિયા ૫૦ કરોડના રિવર ફ્રન્ટ બાદ હવે રૂપિયા ૨૦ કરોડના ખર્ચે જિલ્લાનાં ગૌરવસમા અને પ્રજાવત્સલ રાજાનું બિરૂદ પામેલ ગાયકવાડ સ્ટેટની યાદગીરીરૂપ ગણાતા ''રાજમહેલ''ની કાયાપલટ માટે રાજય સરકારે રૂપિયા ૨૭ કરોડ જેવી અધધ રકમની ફાળવણી કરતાં આગામી દિવસોમાં ''રાજમહેલ'' ભવન ઉપરાંત, જયાં ''રાજમહેલ'' આવેલ છે. તે સમગ્ર કેમ્પસની કાયાપલટ થવાનાં ઉજળા સંજોગો ઉભા થયા છે.

તદ્ઉપરાંત, કેરીયારોડ નજીક અટલ સરોવર, ચક્કરગઢ માર્ગ ઉપર કેન્દ્રિય વિદ્યાલય, માંગવાપાળ નજીક સાયન્સ સેન્ટર અને બાયપાસ માર્ગ ઉપર આધુનિક સર્કલનું પણ નિર્માણ કરવામાં આવશે.

### કોઈ અગમ્ય કારણોસર અંતિમવાટ પકડી

## રાજુલાનાં ગોકુલનગરમાં મનુભાઈ ધાખડા નામનાં યુવકે ઝેરી દવા પી લીધી

**બનાવનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી**

અમરેલી, તા. ૧૨

રાજુલા ગામે આવેલ ગોકુલનગરમાં મનુભાઈ લખુભાઈ ધાખડા નામનાં ૨૮ વર્ષિય યુવકે ગત તા. ૧૧ નાં રોજ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તેમનું મોત નિપજયાનું રાજુલા પોલીસમાં મૃતકનાં મોટાભાઈ જયેશભાઈએ જાહેર કરતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

### બાળકો પરાક્રમ કરે અને વાલીઓને માર પડે

## સા.કુંડલા : યુવતીને ભગાડી જનાર યુવકની માતા ઉપર પ્લાસ્ટીક પાઈપ વડે હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા ગામે ભુવા રોડ ઉપર રહેતા જીતુબેન જયંતિભાઈ મકવાણા નામનાં ૫૫ વર્ષિય મહિલાનાં દીકરા કપીલને સામાવાળા દિપકભાઈ સોલંકની દીકરી સાથે પ્રેમસબંધ હોય. જેથી તેણીને લઈને જતો રહેલ હોય. તે વાતનું મનદુઃખ રાખી સામાવાળા દિપકભાઈ સોલંકી તથા અરૂણાબેન સોલંકીએ જીતુબેનનાં ઘરનાં કેમેરા તોડી નાખી રૂા. ૫ હજારનું નુકસાન કર્યુ તથા પ્લાસ્ટીકનાં પાઈપ વડે મુંઢમાર મારી ઈજા કર્યાની ફરિયાદ સાવરકુંડલા પોલીસમાં નોંધાઈ છે.

### એકવીસમી સદીનાં યુગમાં પણ અંધશ્રધ્ધા, કુરિવાજો જેવા દુષણો ડામી શકાતા નથી

## અમરેલીનાં ખીજડીયા રાદડીયા ગામે પતિએ અંધશ્રધ્ધા અને દોરાધાગાની આદતમાં પત્નીને મોતને ઘાટ ઉતારી દીધી

**પત્નીની હત્યા કર્યા બાદ પસ્તાવો થતાં પતિએ પણ ઝેરી દવા ગટગટાવી**






અમરેલી, તા. ૧૨

અમરેલી તાલુકાનાં ખીજડીયા રાદડીયા ગામે અંધશ્રધ્ધા અને દોરાધાગા તથા ભુવા પાસે દાણા જોવડાવી શંકા-કુશંકા કરી આરોપીએ પોતાની પત્ની રાત્રીનાં સમયે પોતાના ઘરમાં ખાટલા ઉપર સુતા હતા ત્યારે પતિએ કુહાડીનાં ૭ જેટલા ઘા મારી પત્નીની હત્યા કરી ઘરેથી નીકળી ગયા બાદ શાકમાર્કેટમાં જઈ એગ્રોની દુકાનમાંથી ઝેરી દવાના ટીકડા લઈ બાબરા તાલુકાનાં ઉંટવડ અને નવાણીયા ગામ વચ્ચે આવેલ મેલડી માતાનાં મંદિર પાસે આવી પોતાની પત્નીની હત્યા કરવાનાં પસ્તાવાનાં કારણે પોતાની જાતે ઝેરી ટીકડા પી લેતા પ્રથમ બાબરા અને વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડવામાં આવેલ છે. આ બનાવમાં પત્નીની હત્યા કરવાનાં બનાવમાં મૃતક મહિલાનાં ભાઈએ તેણીના પતિ સામે ફરિયાદ નોંધાવી છે.

આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલી તાલુકાનાં ખીજડીયા રાદડીયા ગામે રહેતા ગોવિંદભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર












# અમરેલી જિલ્લામાં ૧૮ ગામડા અને ૯ પાલિકાઓમાં અમૃત આવાસોત્સવ કાર્યક્રમ સંપન્ન



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતેથી યોજાયેલ 'અમૃત આવાસોત્સવ' અંતર્ગત અમરેલી જિલ્લામાં ૧૮ ગામડાં અને ૦૯ નગરપાલિકાઓમાં અમૃત આવાસોત્સવ અંતર્ગત વર્ચ્યુઅલ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા ખાતે જિલ્લા કલેકટર અજય દહિયાની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરીનાં ૦૩ લાભાર્થીઓને ચાવી આપવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે નગરપાલિકા ચીફ ઓફિસર એચ. કે. પટેલે જિલ્લા કલેકટરનો સ્વાગત સત્કાર કર્યો હતો. કારોબારી સમિતિના ચેરમેન શેખવાએ જિલ્લા કલેકટરનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. લાભાર્થીઓને સંબોધન કરતા જિલ્લા કલેકટર અજય દહિયાએ પ્રધાનમંત્રી આવાસ યોજનાની અસરકારક કામગીરી વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યુ કે, લાભાર્થીઓને આ યોજના થકી ઘરના ઘરની સાથે કાયમી સરનામું પણ મળ્યું છે. ઘણાં લાભાર્થીઓ એવાં પણ છે જેમની પાસે કોઈ સરનામું નહોતું એવાં લાભાર્થીઓને પણ આ યોજનાનો લાભ મળતા તેમને ઘરનું ઘર મળ્યું છે. આ યોજના અંતર્ગત લાભાર્થીઓને ઘર સાથે રોડ રસ્તા, વીજળી, પાણી, ગેસ સહિતની સુવિધાઓ સાથે સરકારની અન્ય યોજનાઓનો લાભ પણ મળ્યો છે. જિલ્લા કલેકટરે ઉમેર્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અધિકારીઓ પણ લાભાર્થીઓને તમામ યોજનાઓનો લાભ મળે અને છેવાડાના માનવી સુધી યોજનાઓ પહોંચે તે માટે પ્રેરિત થાય છે. જિલ્લા કલેકટરે કાર્યક્રમમાં ઉપસ્થિત લાભાર્થીઓને તમામ સુવિધાઓ મળી છે કે નહીં તેની માહિતી પણ મેળવી હતી તેમજ અમરેલી નગરપાલિકાના કાર્યને બિરદાવ્યું હતું. અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણના ૪૩ લાભાર્થીઓને આજના કાર્યક્રમ માં ઘરનું ઘર મળ્યું જયારે શહેરી લાભાર્થીઓને પણ ઘરનું ઘર મળ્યું છે. આ કાર્યક્રમમાં લાભાર્થીઓ અમરેલી નગર પાલિકાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગીર સોમનાથ સ્પેશ્યલ ઓપરેશન ગૃપનો સપાટો

## કોડિનાર વિસ્તારમાં અલગ અલગ જગ્યાએથી સીમચોરી કરતી ગેંગને ઝડપી લેવામાં આવી

**પાણીની મોટર, સર્વિસ કેબલ વિગેરે મુદ્દામાલ જપ્ત**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૨

ગીર સોમનાથ એસ.ઓ.જી. ઈન્ચાર્જ પો.ઈન્સ. એ.બી.જાડેજાના માર્ગદર્શન અનુસાર એસ.ઓ.જી. સ્ટાફના એ.એસ.આઈ. લખમણભાઈ મેતા તથા ઈબ્રાહીમશા બાનવા તથા ગોવિંદભાઈ વંશ તથા પો.હેડ કોન્સ. કમલેશભાઈ પીઠીયા તથા સુભાષભાઈ ચાવડા તથા પો.કોન્સ. મેહુલસિહ પરમાર સહિતનો પોલીસ કાફલો કોડીનાર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન સાથેના એ.એસ.આઈ. લખમણભાઈ મેતા તથા ઈબ્રાહીમશા બાનવા તથા પો. હેડ કોન્સ કમલેશભાઈ પીઠીયા તથા પો.કોન્સ. મેહુલસિહ પરમારને સંયુકતમાં મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે ઘાટવડ ગામે કોકન નામે ઓળખાતી સીમમાંથી (૧) દીલીપભાઈ લાખાભાઈ લાલકીયા (૨) પ્રદીપભાઈ હરીભાઈ મકવાણા (૩) કેવલભાઈ હામભાઈ મકવાણા (૪) રૂપસંગ ભાવુભાઈ મકવાણા રહે.ચારેય ઘાટવડ, તા.કોડીનાર એ રાત્રીના અલગ અલગ સમયે પોતાની મોટર સાયકલો મારફત ચોરી કરી હોય કી. રૂ.૧,૭૪,૭૦૦/ નો મુદ્દામાલ કબ્જે કરી મજકુર ચારેય વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી તેમજ આરોપી દીલીપભાઈલાખાભાઈ લાલકીયા વિરૂધ્ધ અગાઉ ચોરી અને ઘરફોડ ચોરીના કોડીનાર પો.સ્ટે. ચોરી ગુનાઓ રજી. થયેલ હોય જે ચોરીના રીઢા ગુનેગારને ઉપરોકત મુદ્દામાલ સાથે પકડી કોડીનાર પો.સ્ટે. મુજબનો ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢેલ હતો.

## બાબરામાં પરોપરકારી અને સેવાભાવી દેવ ચા વાળાનું નિધન

બાબરા, તા. ૧૨

બાબરામાં સેવાભાવી અને પરોપરકારી દેવ ચા વાળાનું ગત મોડી સાંજે નિધન થતા સમગ્ર શહેરમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

દેવા ચા વાળા તરીકે શહેરમાં જાણીતા વ્યકિત અહીં શ્રી ખોડિયાર માતાજીનાં મંદિરે નિત્ય સેવા પુજા કરી સેવા કાર્ય કરતા તેમજ મુંગા પશુ પક્ષીને ચણ નાખવી તેમજ વૃક્ષોને વાવેતર અને જતન સહિતની સેવાકીય કામગીરી કરી રહયા હતા.

સામાજિક જીવનની સાથે સેવાકીય અને પર્યાવરણ લક્ષી કામગીરી કરતા દેવ ચા વાળાના નિધનથી શહેર શોકની લાગણીમાં ગરકાવ થયું છે. અને સ્થાનિક લોકો



દ્વારા દેવા ચા વાળાનાં નિધન પર ઉંડા શોકની લાગણી વ્યકત કરી પુણ્ય આત્માને શ્રદ્ધાંજલિ પાઠવી પરિવારને સાંત્વનાં પાઠવી હતી.

## અમરેલીમાં શકિતગૃપ દ્વારા ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં જન્મદિને સેવાકાર્ય

અમરેલી, તા. ૧૨

અમરેલી શહેરની સેવાભાવી સંસ્થા શકિત ગ્રુપ દ્વારા વિશ્વની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફકોના ચેરમેન તેમજ પુર્વ કુષીમંત્રી, સહકારી ક્ષેત્રેના ભીષ્મ પિતામહ દિલીપભાઈ સંઘાણીના જન્મદિવસ નિમિત્તે શકિત ગ્રુપના યુવાનો દ્વારા આખો દિવસ સનાતન હિન્દુ સંસ્કૃતિ મુજબ જન્મ દિવસ નિમિત્તે સેવાકાર્યો કરીને ઉજવણી કરવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું આ તકે શકિત ગ્રુપ ના પ્રમુખ ગૌતમભાઈ વાળાના અધ્યક્ષસ્થાને કાર્યકમનું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે નગરસેવક સન્નીભાઈ ડાબસરા, જીજ્ઞેશ દાફડા,હિતુરાજસિહ પરમાર, જયરાજસિંહ રાઠોડ, મયુરભાઈ ખાનપરા, અશોકભાઈ વાળા ચકાભાઈ વાળા, આદિત્ય વાળા, વિશ્વજીત વાળા



સહિત તમામ આગેવાનો અને યુવાનો દ્વારા ઉપસ્થિતિમાં કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું આ સેવાકાર્યમાં નાના બાળકો ને ચપ્પલ, કપડા, રમકડાં, નાસ્તો અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીનો જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## ચાવંડ : પ્રા.આ.કે.નાં જાનબાઇ દેરડી ખાતે મેગા સગર્ભા તપાસણી કેમ્પ યોજાયો

અમરેલી, તા. ૧૨

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાવંડનાં સબસેન્ટર જા.દેરડી ખાતે મેગા સગર્ભા તપાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ૩૬ સગર્ભા બહેનોને જાણીતા સ્ત્રીરોગ નિષ્ણાંત ડો.યોગેશ રાખોલીયા દ્વારા કરવામાં આવી હતી. આ કેમ્પમાં બહેનોની લોહીની તપાસ, બી.પી, ડાયાબીટીસ, યુરીન સુગરનો રીપોર્ટ સ્થળ ઉપર જ કરવામાં આવ્ય હતા. તમામ સગર્ભા બહેનો ડો. મુકેશસિંહ દ્વારા વહેલા સગર્ભા નોંધણી, સંપૂર્ણ પૌષણયુકત આહાર લેવાનું તેમજ જોખમી ચિહનો અને લક્ષણો વિષે માહિતી આપી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા સી.એચ.ઓ. ગૌતમભાઈ



બોરડ, પ્રભાતભાઈ બાંભવા, નેહલબેન રાઠોડ, શ્રુતિબેન નાયી, ફી.હે.વ. પ્રભાબેન વેગડ, આશા બહેનોમાં નિતાબેન ગોલીતર, સુમિત્રાબેન દુધરેજીયા અને ખિલખિલાટનાં રવિભાઈએ ભારે જહેમત ઉઠાવી હતી.

## જાફરાબાદ બંદરે પ્લેટફોર્મના કામની આજે શરૂઆત



તસ્વીર : બાલક્રિષ્ન સોલંકી–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૨

જાફરાબાદ બંદરે પ્લેટફોર્મના કામની આજે શરૂઆત, છેલ્લા ઘણાં વર્ષોથી અમારી માંગ હતી કે ચોમાસામાં બોટોને ક્રેનથી ચડાવીને રીપેરીંગ કામ કરવા માટે પ્લેટફોર્મ જેટીની સુવિધા આપવામાં આવે જેથી બોટો ઉપર ચડાવીને રીપેરીંગ કામ કરી શકાય, ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા અમારી માંગણીને ધ્યાનમાં રાખીને આજે કામ શરૂ કરવામાં આવ્યું. આવતા દિવસોમાં બોટો ને માલ ખાલી કરવા માટે ૨૫૦ મીટર જેટીનું કામ પણ શરૂ કરવામાં આવશે તેમજ 'તોકતે' વાવાઝોડાને કારણે ખાડીમાં ખુબજ કાદવ ભરાવા ને કારણે બોટો ને અવરજવર કરવામાં મુશ્કેલી પડે છે અને કલાકો સુધી ભરતીની રાહ જોવી પડે છે એને કારણે માછલી ખરાબ થઈ જાય છે. આ માગણીને ધ્યાનમાં રાખીને ' ડ્રેઝીગ' માટેની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. છેલ્લા ઘણાં વર્ષોથી જાફરાબાદ બંદરે લાઈટના 'હાઈમાસ્ટ ટાવરો' ફકત ૩(ત્રણ) છે. આવતા દિવસોમાં બીજા ૫( પાંચ) ટાવરોના કામો શરૂ કરવામાં આવશે.

### હોસ્પિટલ અધિક્ષક ક્રિષ્ના મેડમની ઉપસ્થિતિમાં

## સા.કુંડલા : કે.કે. હોસ્પિટલમાં ઈન્ટરનેશનલ નર્સિંગ ડેની ઉત્સાહભેર ઉજવણી

**વર્તમાન સમયમાં નર્સિંગ સ્ટાફની કામગીરી અતિ મહત્વની**

સાવરકુંડલા, તા. ૧૨

ઈન્ટરનેશનલ નર્સિઝ ડે નિમિત્તે સાવરકુંડલા ખાતે આવેલ સરકારી કે. કે. હોસ્પિટલ દ્વારા હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ ક્રિષ્ના મેડમ, આરએમઓ, નર્સિંગ સ્કૂલના પ્રિન્સિપાલ તથા કે.કે. હોસ્પિટલના તમામ તબીબોની ઉપસ્થિતિમાં હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ સાથે મળીને આંતરરાષ્ટ્રીય નર્સિઝ ડેની ઉજવણી ખૂબ ઉમંગ અને ઉત્સાહ સાથે સુંદર રીતે કરવામાં આવેલ.



આમ ગણીએ તો નર્સિંગનું મહત્વ પણ વ્યકિત જયારે બીમારીનો ભોગ બને છે અને કપરી પરિસ્થિતિમાં દર્દીની સંભાળ સાથે સાથે સારવારની જરૂર હોય ત્યારે આરોગ્ય વિભાગના નર્સિંગ કર્મચારીઓનું મહત્વ સુપેરે સમજાય છે. આ વર્ષનું ઈન્ટરનેશવ નર્સિઝ ડેનું થીમ છે "અવર નર્સિઝ અવર ફયુચર" આ ઈંટરનેશનલ નર્સિઝ ડે દર વર્ષે ૧૨ મેના નર્સિંગ સેન્ટરના પાયાના પથ્થર સમાન ફલોરેન્સ નાઈટીંગેલની સ્મૃતિમાં મનાવવા આવે છે. બદલતાં જતાં ગ્લોબલ હેલ્થના પડકારોને પહોંચી વળવા માટે હવે ગ્લોબલ હેલ્થ સેકટર તરફ વધુ સતર્ક રહેવું પડશે એ નિર્વિવાદ છે.

# બગસરા : મેઘાણી હાઈસ્કૂલ દ્વારા ખેલે ગુજરાત સમર કોચિંગ કેમ્પનું સમાપન



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

ગુજરાત સરકાર દ્વારા આયોજિત સમગ્ર રાજયમાં ખેલે ગુજરાત સમર કોચિંગ કેમ્પ–૨૦૨૩નું આયોજન તા.૧/૫/૨૩ થી ૧૦/૫/૨૩ દરમ્યાન કરવામાં આવેલ. જેમાં મેઘાણી હાઈસ્કુલ બગસરા સંસ્થા દ્વારા સમર કોચિંગ તાલુકા કક્ષાનો દસ દિવસનો સમર કેમ્પ શ્રી ઝવેરચંદ મેઘાણી હાઈસ્કુલ બગસરા મુકામે તા.૧૦/૫/૨૩નાં રોજ સંપન્ન થયો. દસ દિવસ ચાલેલા આ કેમ્પમાં જુદી જુદી રમતમાં ૧૨૦ ખેલાડીઓએ ભાગ લીધો. કેમ્પમાં રાઈફલ શૂટિંગ, એથલેટિકસ, વોલીબોલ અને યોગાસનની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ દરમિયાન ટ્રેનર તરીકે રાઈફલ શૂટિંગ માટે યશપાલસિંહ જાડેજા, વોલીબોલ માટે મનિષ કુકવાવા, એથલેટિકસ માટે મનોજભાઈ મહિડા તથા યોગાસન માટે દિપાબેન ગોહિલે સેવાઓ આપી હતી. શ્રી મેઘાણી હાઈસ્કુલના સોલંકી, શાળાના શિક્ષક કલ્પનાબેન મારડીયા, વાજા વગેરે જીલ્લા રમત ગમત અધિકારી ઓફિસમાંથી મુલાકાતીઓ તથા વિદ્યાર્થીનાં વાલીઓએ કેમ્પમાં જુદા જુદા દિવસે મુલાકાત લીધી હતી. શાળાના ઈન્ચાર્જ આચાર્ય એ.એલ. સોલંકી, શાળાના કન્વીનર આર.એ. પરમાર, નગરપાલીકા પ્રમુખ પરેશભાઈ ખીમસૂરિયા, ઉપપ્રમુખ રાજુભાઈ ગીડાએ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. વ્યવસ્થાપક સમિતિના સાગર સિધ્ધપુરા, કૌશિક નસિત, મોહિત નલિયાધરાએ સેવાઓ પુરી પાડી હતી.

# વાર્તા–વૈભવ

## જય રત્નાકર

– વિષ્ણુ ભાલિયા



વિષ્ણુ ભાલિયા

(ગયા અંકનું ચાલુ)

મોરા માંથી ગભરાયેલા એક ખલાસીની ફાટી ગયેલી રાડ આવી :

''જીવાભાઈ, વા'ણ આઘરે આડું પડી જાયે. હું કરિયું ?''

કાંઈ સૂઝયું નહિ. જીવો મૂંઝાયો : 'હવે હું કરવું ? વા'ણ કેમ કાઢવું ? ખલાસીને કેમ બચાવવા ? તેનું દિમાગ બહેર મારી ગયું. તાડ જેવો ઉંચો આદમી આજ નખશિખ ધ્રૂજી ગયો. ઉંડો શ્વાસ લઈ તેણે ફરી એક નિસાસો નાખ્યો : 'જી થાય ઈ'

તેણે વહાણને સીધું કરવા, મરણિયા બની છેલ્લું બળ અજમાવી જોયું. મોજાની થપાટો પર થપાટો પડવાથી પાટિયા કિચૂકો બોલાવી રહયાં. ખુલ્લી પડી રહેલી તિરાડોમાંથી ઘામત ભરાવા માંડયું.

છલંગો ભરતો દરિયો 'જય રત્નાકર'ને ભીંસમાં લેવા જાણે તલપાપડ બન્યો. ત્યાં એકાએક પ્રચંડ મોજાનાં આક્રમણથી વહાણ રમકડા જેમ હવામાં ઉછળીને અણીદાર ભેખડો પર પટકાયું. એકસાથે દરેક ખલાસીનાં મોંમાથી આહ નીકળી ગઈ. વહાણનો મોરો ખડક સોથ ઘસડાતા.

અફળતા, છોલાતા તૂટીને એક બાજુ ફંટાઈ ગયો. મોરામાં મોટા અક્ષરે લખેલું 'જય રત્નાકર' નામ ઉપર ઉંડો ઘસરકો પડી ગયો. ભૂરૂં ભૂરૂં ફેલાયેલું ફીણ 'જય રત્નાકર' ની નિ:સહાયતા પર હસી પડયું. વૃદ્ધ ભંડારી લાખાનો તરડાયેલો અવાજ કૂવાથંભને ચીરતો આવ્યો :

''જીવા, હવે હું કરિયું ? હાલો ઠેકી જાયે !'' જીવાએ પરમણ પર લટકતા દોરડાંનો સહારો લેતા માંડ માંડ સંતુલન જાળવ્યું.

''હા, પન જીવ વા'ણમાં રીયા તોઈ મફરી જાયું ! ફકી'ક તો કરવું પરીયેને ?''

''એક કામ કરો. સેરો બાંધીને બિલારું (નાનું લંગર) ભાઠોડામાં ઘા કો. ના ઓલા પાણામાં ચોટી જાયે.'' જીવો ચિલ્લાયો.

બે ચાર પ્રયાસમાં તો નાનું લંગર ભેખડ ઉપરના મોટા પથ્થરમાં મજબૂતાઈથી ચોંટી ગયું. ખલાસીએ એકબીજા પર નિસ્તેજ નજર નાખી. આંખના ઈશારાથી જીવાએ જેમ બને તેમ જલદી ચડવા ઈશારત કરી. થોડીવારમાં તો વહાણ અનાયાસે ફજ અથડાતા, પછડાતા, ટકરાતા ઉભા મોરે, બે ભેખડો વચ્ચે જકડાઈ ગયું. પડખું એકબાજુ નમી પડવાથી જાળનાં મોટા મોટા ગુચ્છાઓ દરિયામાં ફેંકાયા.... ફેંલાયા.... જોતજોતામાં નાયલોનની નીલા રંગની જાળ નીલા પાણી માથે સર્વત્ર ફરી વળી. ઉચા દોરડાં પર વાંદરા જેમ ટીંગાતા ખલાસીઓ એક પછી એક ભેખડ ઉપર ચઢતા રહ્યાં. અધ્ધર લટકતાં ખલાસીનાં જીવ હવે થોડા શાંત થયા હોય એમ લાગ્યું. જાણે જંગ જીત્યા હોય એમ, ઉપર પહોંચેલા ખલાસીએ રાહતનો હળવો દમ લીધો. સાતે ખલાસી સલામત રીતે પાર ઉતર્યા. ભેખડ પર સલામત ઉભા ઉભા પણ હજી પગ ધ્રુજી રહ્યાં. જીવો હજી છેલ્લો વહાણમાં બચ્યો હતો. પણ આ શું ? દરેકની આંખો ફાટી રહી ગઈ. કારણ કે જીવો ઉપર ચડવાને બદલે ભંડાર સરકી ગયો.

''જીવા, જલ્દી કર. મોજો ચડી જાયે વા'ણમાં !'' સાંભળેલી હાકલ જીવાએ કાન તળે કાઢી નાખી.

ઉપરથી રાડારાડી અને દર્દીલી ચીસો સતત ઉઠતી રહી. જીવાએ પાછળ સુધ્ધાં ન જોયું. તે ભાંગી પડયો. ગળામાં ડૂમો ભરાઈ આવ્યો. એના મૂંઝાયેલા મનમાં બીક પેઠી : 'બાપાને, ઘેર હવે હું મોઢું દેખાડી ?'

તે કેબિન પર ફસડાઈ પડયો. રૂંવે રૂંવે જાણે વીંછીએ ડંખ દીધો હોય એમ કાળી વેદના કાળ જાને ડંખી રહી. તેણે ક્ષણેક આંખો મીંચી લીધી. અને વળતી પળે મોં ઉપર મક્કમતા તરવરતી દેખાઈ. દીકરાના નિર્દોષ ચહેરાને અંતરની આંખોથી એકાદ ક્ષણ નીરખી જોયો. પિતા અને પત્નીનો ચહેરો પણ આંખ સામે ખડો થયો. અને પછી... આંખમાં ઉતરી આવ્યું ઘોર અંધારું.... આંસુ ભીનું અંધારૂ... હૈયાને ડંખતું અંધારું....

કૂવાથંભની ટોચે ફફડી રહેલી વાવટીની નોક ઉપર બેઠેલો બગલો એકાએક પાંખ ફફડાવતો સલામત ખડક પર જઈ બેઠો. આકાશમાં હજી હમણાં આળસ મરડીને ઉઠેલાં વાદળો ટૂકડે ટૂકડામાં વિખેરાઈ ગયા. ફરી ભેખડ પરથી કાળજું કંપાવતી કાળી ચીસોનો ગોકીરો ઉઠયો.

''જીવા... પાછો વળ ભાઈ...!'' છેલ્લો 'ભાઈ' શબ્દ જાણે ગળામાંથી ઘૂંટાતાં ઘૂંટાતાં નીકળ્યો.

''તને આ હું હૂંઝયું, જીવા ?'' એ ગૂંગળાયેલા અવાજમાં ભારોભાર દર્દ ભર્યું હતું.

જીવો 'જય રત્નાકર'નાં પેરસા(આંતરી) પર જઈ ઉભો. એકદમ ધીરગંભીર. ફરી આત્મમંથન કરી જોયું. એક નજર દરિયાને આંખોમાં ભર્યો જાણ કહેતો ન હોયઃ 'હે ! દરિયાદેવ, બીજો જનમ દે, તો... પાછો ખારવાના પેટે...!'

તે ઘુંટાતાં શબ્દો સાથે જ તેણે આંખો મીંચીને દરિયામાં પડતું મેલ્યું. ખલાસીનાં ગળામાંથી ઉઠેલી ભયાનક ચીસ, જીવાના માથે ફરી વળેલા તોફાની પાણીમાં ઓગળી ગઈ. સાગર જાણે સ્મશાન હોય એમ જીવાને સમાવી ગયો. સામે દૂર ઉગતી ક્ષિતિજમાં હવે એક ટપકું ધીરે ધીરે મોટું થતું ખલાસીઓને દેખાયું.... નકકી તે કોઈ અજાણ્યું વહાણ હશે !

'મનિયા, આ.. લે ... બટા ! તારે 'પાંદડી' જોયેશને !'' બહારથી નારણ આતાની મૃદુ હાંકલ આવી.

જમનાં અણધારી ઝબકી, ભૂતકાળનાં ઓળા એકદમ સંકેલાઈ ગયાં. આંખોનાં ભીંના થયેલા ખુણા તેણે લુછયાં દીવાલ પર લટકતી જીવાની છબી પર જીવ એકાદ ક્ષણ ચોંટી રહયો સાડીનો પાલવ સરખો કરતી, મકકમ પગલે તે બહાર નીકળી.

વર્ષો પહેલા પોતાનાં વહાણ 'જય રત્નાકર'ની ઘરમાં રાખેલી નાનકડી પ્રતિકૃતિ સમી હોડી, સાફ કરીને નારણ આતાએ મનિયાનાં હાથમાં ઘરી :

''લે, પધરાવી દીજે દરિયામાં જા. 'ભગ્નહૃદયે તે માંડ માંડ ફિક્કું હસી શકયા.

મનિયો આનંદથી ઉછળી પડયો. તેણે ઉત્સાહમાં હોડી હાથમાં લઈ લીધી. લાજ કાઢીને ઉભેલી જમનાનો ચહેરો ઘુંઘટમાં ભાવુક બન્યો. તેણે સસરાની મન:સ્થિતિની મન:સ્થિતિની કલ્પના કરી લીધી. એ પોતે પણ હમણાં જ એ રંજનો ઘુંટડો ભરીને આવી હતી ને ! હરખાતો મનિયો અને ભાવુક જમના કિનારે ઉભરાતા ખારવણોનાં ટોળામાં ભળી ગયાં.

નારણ આતાની આંખ ભીંની થઈ. સામે દુર દુર દેખાતા, સૂકા કાદવમાં પડેલા કેટલાંક ભંગાર વહાણોમાંથી એક વહાણ પર તેમની આંખ સ્થિર થઈ ગઈ. તેનાં તુટેલા મોરા આગળ લખેલું નામ 'જય રત્નાકર' હવે સાવ ઝાંખુ થઈ ગયું હતું.


**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

---

# બાલ એકસપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી




**બાલમિત્રો,**

એક કહેવત છે. ''જેવી દ્રષ્ટિ એલ સૃષ્ટિ' જેવી આપણી નજર એવું આપ જામ દેખાય. એક બીજા કહેવત પણ છે. 'કમળો થયો હોય તે પીળુ જ ભાળેહહ આપણને કમળો થયો છે. થાતને નહિ. જીગત તો સફેદ જ છે. પીળુ આપણાને દેખાય છે. કારણ કે કમળો થયો છે. આપણી દ્રષ્ટિમાં, વિચારમાં, ભાવનામા, પ્રેમ, કરૂણા, લાગણી હશે તો જગત સારૂ જ દેખાશે. એક દ્રષ્ટાંચાતથી જાણીએ


કૃષ્ણએ દુર્યોધનને કહયું કે હસ્તીનાપુરમાંથી કોઈ એકદા સારા માણસને શોધ લાવો. દુર્યોધન તો ગયો. પુરા હસ્તીનાપુરમાં એકલતા માણસ તેને સારો દેખાયો નજર પછી કૃષ્ણએ યુધિષ્ઠરને કહયું કે તમે એકાદ બુરી વ્યકિતને શોધ લાવો. તો યુધિષ્ઠિરને એકપણ માણસ બુરો, ખરાબ દેખાયો નહિ. જગત કેવું છે. એ જોવા માટે આપણી દ્રષ્ટી પર્યાપ્ત છે. એટલે બાળમિત્રો, જગતને વખાડવા કરતાં પહેલાં આવકો આવડત દ્રષ્ટિને તપાસીએ એ જો સારી હશે તો જગત પણ સારૂ જ દેખાવાનું છે.

## અમરેલી, અમરેલી અને હું

– રમેશ પારેખ



રમેશ પારેખ બાળવયે



રમેશ પારેખ યુવાવયે

અમરેલી અનુભવવાની ચીજ છે.

મેં અમરેલીને રુંવેરુંવે અનુભવી છે. એ અનુભવોનો વ્યાપ, એનું ઉડાણ જિંદગીથી મોત જેટલું અમાપ છે. સલામ, અમરેલી તને. સલામ, તારા ચિ. યૌવનને. હું નહોતો ત્યારે પણ તું હતી. અને હું નહીં હોઉ ત્યારે પણ તું તો હશે જ, અમરેલી.

અમરેલી ઝિંદાબાદ, અમરેલી તું તારા ચાર અક્ષરના સીમાડા તોડીને ફેલાઈ જા, છલકાઈ જા, પ્રસરી જા સર્વત્ર, સર્વમાં તારા ઠસ્સા અને મિજાજપૂર્વક. મળતી રહે મને મળી એમ છાનીછપની સૌને, ફતારા અસલી રૂપરંગે, સ્તનપૂર્વક.

અલ્લડ છતાં ઉદાર છે અમરેલી

અમરેલી મૂળ તો ખોબા જેવડું પણ ગાયકવાડી સુબાની કચેરી અહીં રહેતી થઈ ત્યારથી દિન–પ્રતિદિન વિકસતું ગયું. ૪૭ પછી તો તેનું રીતસરનું શહેરીકરણ થતું રહ્યું છે. ગામમાં સાહિત્યનું ખાસ કોઈ વાતાવરણ નહીં.

અમરેલીમાં બાલ પુસ્તકાલય પણ ખરું. પુસ્તકાલયમાં 'બાલમિત્ર', 'બાલજીવન' અને ' ગાંડીવ' જેવાં બાળસામયિકો આવતાં તે વાંચવા જતો. ૧૯૬૬–૬૭ના ગાળામાં અનિલ(સુપ્રસિદ્ધ કવિ અનિલ જોષી) અમરેલી આવ્યો, એટલે અનિલનો પરિચય થયો. એ પરિચય થયો ન હોત તો કદાચ હું વાર્તાઓ લખતો હોત. મારા જીવનમાં કવિતાનો પ્રવેશ અનિલરૂપે થયો.

એ કાળે અમરેલીમાં સાહિત્યનું વાતાવરણ જ નહીં. જન્મ્યો, ભણ્યો, નોકરીએ રહ્યો, અમરેલીમાં જ, તે બહારની દુનિયાથી સાવ અજ્ઞાત. સારી લાઈબ્રેરી યે નહીં. અમરેલીમાં હું રહ્યો એટલે વધુ સર્જન કરી શકયો. અહીં વિક્ષેપ પાડે એવાં તત્વો નથી. અહીં મનોરંજનનાં અન્ય માધ્યમો જૂજ છે. અથવા નથી જ. એટલે મનોરંજન મેળવવા પણ કવિતા લખવી પડે. રમેશ પારેખનાં કાવ્યોમાં અમરેલી

## ભાતીગળ સૌરાષ્ટ્ર

અમરેલી ખૂટી ને છેડા આવિયા  
હરિયાળી આઠમનાં તેડાં આવિયાં  
અમરેલી નગરી બડી, તેમાં બડી નવાઈ  
સ્કુટરને ચાબુકથી હાંકે  
ચંદુભાઈ મને અમરેલી ઓસડ પિવડાવતી  
કાનમાં નીચોવે જરી લીમડાનો કોલ  
જરી આંખોમાં આજે છે તાપ  
છાતી પર ચોપડે છે ઉનો ઉનો જીવ  
રોજ પીઠમાંથી તોડે છે શાપ  
મા અમરેલી ભરે બડે બડે  
મારા ખાલીપાને ભરવા એ રોજે રોજ  
મારામાં ગાળે છે કૂવા.  
હે અમરેલી, નથી હવે તું  
મારૂ ગામ,  
તું તો ખાલીખમ ડેલીનું  
ઝૂમખું....  
અમરેલીમાં અરજણ  
આલીશાન આદમી છે,  
ઘેર ઘેર ચર્ચામાં કાનોકાન  
આદમી છે.  
કોઈ પ્હોરમાં શેરી બૂડે,  
કોઈ પ્હોરમાં ડેલી  
કોઈ પ્હોરમાં બૂડી જાશે,  
તરફડતી અમરેલી  
મુદ્રા, સપનું, અમરેલીને  
જ્ઞાન યથાવંત રહયું, શું કરૂ ?  
વિમાનમાં જઈ બેઠા તો  
વિમાન આથમી ગયું. શું કરૂ ?

ગોકુળમાં હોઈ શકે  
દહીંની દુકાન અને રાધાને હોઈ શકે  
ચશ્માં અમરેલી ગામમાં  
મસાણ જોઈ જીવણા, તું ખિખ્ખીખી  
ખિખ્ખીખી હસ માં !  
અમરેલી નામ પાડીને  
હરએક શહેરનું તો કયાંય આ  
રમેશથી ભુલા નહીં પડય  
જુઈ–ચમેલી અમરેલી  
આજ સવારે  
આંગળીઓને સાવ અવાચક મેલી  
મુઠ્ઠીમાંથી ખડિંગ દઈને  
ખરી પડયું અમરેલી.  
હથેળીઓમાં કશું જ  
નહીં– ની મેઘધનુષી ભાત,  
કશુંક મેં જોયાની કીધી  
મને કાનમાં વાત.  
પીળી ધમ્મર ભોંય  
ખેસવી તબકયું લીલું પાન,  
કયાં તગતગતવું એનું  
ઉગ્યું લોચન વચ્ચે ભાન.  
નજર પડે ત્યા મને જ  
નીરખું એ તે અચરજ કેવું !  
હું ફુંફાઉ કે હવા ફુંકાતી  
હશે અરીસા જેવું ?  
મીરા નામની નદી ઉપડી  
લોચન મારાં ઝાલી,  
એક ઝાંઝરી જાણે કોઈ  
ચરણ શોધવા ચાલી.

## આ આપણું ગુજરાત

**આવાં બાળકો સૌને ગમે**

**નટવર પટેલ**

બાલદોસ્તો, આવો.  
આપણા રાજયનો પરિચય  
મેળવીએ.  
આ નકશો જુઓ.  
આ છે ગુજરાત રાજયનો નકશો.  
ગુજરાત એટલે આપણું રાજય.  
ગુજરાતની ઉત્તરે છે રાજસ્થાન.  
ગુજરાતની દક્ષિણે મહારાષ્ટ્ર.  
ગુજરાતની પૂર્વે છે મધ્યપ્રદેશ.  
ગુજરાતની પશ્ચિમે છે સાગર.  
એ સાગરનું નામ અરબ સાગર.  
ગુજરાતને છે બે અખાત–  
ખંભાતનો અખાત અને કચ્છનો  
અખાત.  
ગુજરાતનાં જિલ્લાઓ છે તેત્રીસ.  
ગુજરાતનું પાટનગર છે  
ગાંધીનગર.  
ગુજરાતનું મોટું શહેર  
અમદાવાદ.  
ગુજરાતની મોટી નદી નર્મદા.  
નર્મદા એટલે ગુજરાતની  
જીવાદોરી.  
રાજપીપળા પાસે છે કેવડિયા  
કોલોની.  
ત્યાં છે પ્રતિમા સરદાર પટેલની.  
તેને કહે છે સ્ટેચ્યુ ઓફ યુનિટી.  
એ છે આપણું ગૌરવ ને  
વિહારધામ.  
જૂનાગઢ પાસે છે ગીરના જંગલ.  
ત્યાં છે સિંહનું અભ્યારણ્ય.  
કચ્છનાં રણમાં છે જોવાલાયક








## ગણપતિ અને શિવાજી ઉત્સવ ગણપતિ ઉત્સવ

**સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે**

– બાલગંગાધર તિલક



પહેલા મુંબઈમાં હિંદુ–મુસલમાન ભેગા મળીને મુહર્રમ મનાવતા હતા. હિંદુ જનતા ઉત્સાહથી મુસલમાનો સાથે સામેલ થતી હતી. કર્બલાનાં શહીદોનાં તાજિયા દફનાવવા માટે હિન્દુ–મુસલમાન ખભેખભા મેળવીને સરઘસ કાઢતા હતા. પરંતુ આ ધાર્મિક સદભાવ પર અંગ્રેજોની ગીધ–નજર લાગેલી હતી. એમની ફાટફૂટ પડાવવાની ચાલોને કારણે ૧૮૯૩માં મુંબઈ પ્રાંતમાં સાંપ્રદાયિક રમખાણો ભડકયાં.

મુંબઈથી ફેલાયેલા રમખાણો પુણેમાં પ્રગટ થયા. તિલક જાણતા હતા કે સરકારની આશા રાખવી વ્યર્થ છે. આથી અંધવિશ્વાસમાં ડૂબેલી હિંદુ જનતામાં આત્મરક્ષા અને આત્મવિશ્વાસનો ભાવ પેદા કરવા લાગ્યા. કમજોરોને શકિતશાળી બનાવવાએ સંગઠિત કરવા લાગ્યા. આ માટે એમણે મહારાષ્ટ્રમાં ગણપતિ મહોત્સવને સાર્વજનિક સ્વરૂપ આપવાનું શરૂ કર્યુ. ગણપતિ મહોત્સવનો દસમો દિવસ અનંત ચતુર્દશી હોય છે. ઠેર ઠેર ગણપતિની શોભાયાત્રા નીકળે છે. એ દિવસે ગણપતિની પ્રતિમાનું જળ – વિસર્જન કરાય છે.

તિલકે 'કેસરી' માં ગણપતિ પુજાની તુલના પ્રાચીન ગ્રીસનાં ઓલંપિયન ઉત્સવો સાથે કરી, એમણે સામુહિક પુજાને મનુષ્યની સામુહિક ભાવનાના રૂપમાં સંગઠિત કરી. જેમ જેમ ગણપતિ મહોત્સવનો પ્રચાર વધતો ગયો, તેમ તેમ જનતાનાં વધતા જતા ઉત્સાહથી અંગ્રેજ સરકાર ગભરાવા લાગી.

ગણપતિનું નામ રાષ્ટ્રીય આંદોલનનો આધાર બની ગયું. ગણપતિએ ગજાસુરનો સંહાર કર્યો હતો. હવે અંગ્રેજ – ગજાસુરનાં અત્યાચારોથી મુકિત માટે ભારતીય જનતા ગણેશનાં રૂપમાં આગળ આવી. ૭૨ નગરોમાં ગણપતિ મહોત્સવ મનવવામાં આવ્યો. ગણપતિ પુજાના ગીતોથી અંગ્રેજી અખબારોને 'રાજનીતિની ગંધ' આવતી હતી. એમનાં મતે કરાચી, મદ્રાસ, કલકતા અને વારાસણીનાં ગણપતિ ઉત્સવ 'રાજકીય ચેતના' ના નવાં કેન્દ્ર બની રહયાં હતાં.

તિલકે ધર્મનો સહારો લીધો અને રાજનીતિનાં મુળ મજબૂત બનાવ્યાં, એ જેલમાં હતા એ દિવસો દરમિયાન પણ આ ઉત્સવ ખુબ ધૂમધામપુર્વક મનાવવામાં આવતો હતો.

## આપો જવાબ

(૧) ૨૦૨૦ માં શું ખતમ જ થઈ જશે ?

(૨) એવી કઈ ચીજ છે. છોકરા દુખાવીને ચાલે છે. અને છોકરીઓ દેખાડીને ચાલે છે. ?

(૩) એવું શું છે જે વગર પગે ભાગે છે. અને કયારેય પાછી નથી આવતો ?

(૪) બતાવો ઉતર શું છે ?

(૫) દિવસનાં સુવે રાતના રૂવે, જેટલું રૂવે એટલું ખોવે ?

__જવાબ__ : (૧) ૨૦૧૯ નું વર્ષ, (૨) પર્સ, (૩) સમય, (૪) દિશા છે, (૫) મીણબતી.

## બાળ કનૈયો થાવું છે !

માથે પીછું લગાવું છે,  
બાળ કનૈયો થાવું છે.  
કદંબ ડાળે ચઢવું છે,  
હસતાં રમતાં પડવું છે.  
ગાયો ચરાવા જાવું છે,  
જમનાજળમાં ન્હાવું છે.  
મટકી ફોડી ધાવું છે,  
માખણ ચોરી ખાવું છે.  
વાંસલડી બજાવી છે,  
ગોપીને નચાવી છે.  
ગોવાળ સંગ રમવું છે,  
ભેળા બેસી જમવું છે.  
માડી–ચરણે પડવું છે,  
ભૈ, વ્હાલ એને કરવું છે !

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### હૈયાને દુર શું ? નજીક શું ?

ટેલીફોન, મોબાઈલ અને ઈન્ટરનેટ જેવા સાધનોએ દુનિયાને કેટલી નાની બનાવી દીધી છે, માનવીને માનવીથી કેટલો સમીપ લાવી દીધો છે ! પરંતુ દુર દેશાવર વસતા દીકરાને માંદી માતાનો ઉનો નિશ્વાસ એ પહોંચાડી શકે ખરાં ? ત્યજાયેલી પુત્રનાં આંખની ભીનાશની ઉષ્મા તેના પિતા સુધી પહોંચે ખરી ? કોઈ દિલોજાન સ્વજનની સ્મૃતિ માત્રથી ભીંજાઈ ઉઠતી આંખોનો ઝીલમીલ ઉજાસ આ બધા સાધનો સામેની વ્યકિત સુધી પહોંચાડી શકે ?

એક 'અંતર' થી બીજા 'અંતર' સુધીનું અંતર કાપવું વિજ્ઞાન માટે હજુ બાકી છે.

## આ જાણો છો ?

(૧) એવું કયું ઝાડ જેના પર આપડે ચડી નથી શકતા ?  
– કેળાનું ઝાડ  
(૨) ચારપાછીને ૩ અક્ષરમાં કઈ રીતે લખશો ?  
– ૪ પાઈ  
(૩) એવી કઈ વસ્તુ જેને આપણે બંધ કરીએ શકીએ પરંતુ ખોલી નથી શકતા.  
– એલાર્મ  
(૪) એવી કઈ વસ્તુ જે આપણી મુટ્ટીમાં તો છે. પણ આપણા વશમી જશે.  
– હાથોની રેખા  
(૫) એવી કઈ વસ્તુ જેને કોઈ ચોર ચોરી નથી શકતા ?  
– જ્ઞાન  
(૬) તે શું છે જે વર્ષો જુનું છે. પરંતુ દર મીહને નવું છે ?  
– ચંદ્ર  
(૭) પરિવાર પીલુ અમે પણ લિલા બતાવો શું ?  
– વટાણા  
(૮) તે શું જે આપણી સામે હોય પણ તેને આપણે જોઈ નથી શકાતું  
– આપણું ભવિષ્ય  
(૯) તે શું છે. જેને બોલાવ્યા ૧૦/૨ આવી જાય છે.  
– ઉંઘ  
(૧૦) બેઠા બેન કોણ કોણ ચાલ ચાલે છે ?  
– ચેસ ના ખેલાડી.



– મકવાણા જય, ધોરણ : ૭ (એ) (શ્રીમતી પી.એન.વોચ, વિદ્યાયાનિકેતન )

# સાંસદ કાછડીયા અને ધારાસભ્ય કાકડીયાનો ધારી વિધાનસભા વિસ્તારમાં પ્રવાસ પૂર્ણ






અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયા અને ધારી વિધાનસભાના ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ધારી – બગસરા – ખાંભા વિધાનસભા હેઠળ આવતી ખાંભા તાલુકાની સમઢીયાળા મોટા, ઈંગોરાળા, ઉમરીયા, પીપળવા, ખાંભા, ખડાધાર અને સરાકડીયા તાલુકા પંચાયત સીટનો પ્રવાસ કરી સમગ્ર વિધાનસભા સીટનો પ્રવાસ પૂર્ણ કર્યો હતો. પાંચમાં અને અંતિમ દિવસે સાંસદ અને ધારાસભ્યએ (૧) સમઢીયાળા મોટા તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા સમઢીયાળા મોટા, રૂગનાથપુર અને જીકીયાળી (૨) ઈંગોરાળા તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા ઈંગોરાળા, અનીડા, કોટડા, વાંકીયા અને ભાડ (૩) ઉમરીયા તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા ઉમરીયા, નાની ધારી, લાસા, નાના વિસાવદર અને નાનુડી (૪) પીપળવા તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા પીપળવા, તાતણીયા, ગીદરડી, ધાવડીયા અને ભાણીયા (૫) ખાંભા તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા ખાંભા (૬) ખડાધાર તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા ખડાધાર, ભાવરડી, ચતુરી, દાઢીયાળી અને સરાકડીયા દિવાન (૭) સરાકડીયા તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા સરાકડીયા, કોદીયા, રાયડી, રાણીંગપરા અને પાટી ગામના સ્થાનિક લોકોના પ્રશ્નો તેમજ રજુઆતોને ધ્યાને લીધેલ હતી અને તેમના સમાધાન અર્થે અધિકારીઓને જરૂરી સુચનો કર્યા હતા. જેમાં મોટા ભાગની સમસ્યાઓનો મુળ સ્થળ પર જ ઉકેલ લાવ્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં ખીજડીયા રાદડીયા ગામે**

## આરોપીનો એક પુત્ર થોડા સમય પહેલા પાણીમાં ડૂબી ગયો

આરોપી ગોવિંદભાઈને સંતાનમાં બે પુત્રો છે. જેમાંથી નાનો પુત્ર રૂતિક ગઈ દિવાળીમાં પાણીમાં ડૂબી જવાથી મૃત્યુ પામ્યો હોય મોટા પુત્ર સાથે પતિ–પત્ની શાપર ગામે રહેતા હતા.

## આરોપીને તેમની પત્ની સાથે બનાવ પહેલા માથાકૂટ થઈ હતી

ગત તા. ૧૦નાં રોજ ગીતાબેન તથા તેમના પતિ ગોવિંદભાઈ પોતાના ભાઈને ત્યાં ગયા હતા અને ત્યાંથી બોપરે જમી અને રાશન તથા ઘરની સાફ–સફાઈ કરવા માટે ખીજડીયા રાદડીયા ગામે આવ્યા હતા. જયાં બન્ને વચ્ચે ઝગડો થતાં પતિએ પોતાની પત્નીનું ઢીમ ઢાળી દઈ અને પોતે પણ દવા પી લીધી હતી.

લાખાભાઈ ડવેરાએ ગઈકાલે વ્હેલી સવારે અંધશ્રધ્ધા અને દોરાધાગા તથા ભુવા પાસે દાણા જોવડાવવા તથા પોતાની પત્ની ઉપર શંકા–કુશંકાઓ કરી પોતાની પત્ની ગીતાબેન વ્હેલી સવારે પોતાના ઘરે ખાટલા ઉપર સુતા હતા ત્યારે આરોપી પતિ ગોવિંદભાઈ લાખાભાઈ ડવેરાએ કુહાડી વડે ૭ જેટલા ઘા મારી પોતાની પત્નીની હત્યા કરી નાખી હતી.

આ હત્યા કર્યા બાદ આરોપી પતિ ઘરેથી નીકળી ગયા બાદ અમરેલી આવી શાકમાર્કેટમાં આવેલ કોઈ એગ્રોની દુકાનમાંથી ઝેરી ટીકડા લઈ બાબરા તાલુકાનાં ઉંટવડ અને નવાણીયા ગામની વચ્ચે આવેલ મેલડી માતાનાં મંદિર પાસે આવી પોતાની પત્નીની હત્યા કરવાનાં પસ્તાવાથી પોતે પણ ઝેરી ટીકડા પી લેતા તેમને પ્રથમ ગંભીર હાલતમાં બાબરા અને વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાયેલ છે. આ બનાવમાં પોલીસે હત્યાનો ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૫૦ |
| ૨ | મગફળી | ૧૨૬૮ | ૧૩૪૮ |
| ૩ | જીરૂ | ૬૦૫૦ | ૭૮૫૦ |
| ૪ | ઘઉં | ૪૦૭ | ૪૫૩ |
| ૫ | ચણા | ૯૧૯ | ૯૩૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૯૦ | ૧૩૭૦ |
| ૨ | શિંગ મોટી | ૧૨૯૦ | ૧૪૪૦ |
| ૩ | શિંગદાણા | ૧૫૦૦ | ૧૭૨૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૯૦ | ૧૭૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૪૦ | ૨૯૫૯ |
| ૬ | તલ કાળા | ૧૭૦૦ | ૨૮૧૧ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૦૧૫ | ૩૦૪૨ |
| ૮ | બાજરો | ૪૩૨ | ૪૮૧ |
| ૯ | જુવાર | ૫૨૦ | ૮૭૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૫૫ | ૫૯૯ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૧૮ | ૪૬૨ |
| ૧૨ | મગ | ૭૦૦ | ૧૬૬૫ |
| ૧૩ | ચણા | ૭૨૫ | ૯૬૨ |
| ૧૪ | ચણા દેશી | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૧૫ | તુવેર | ૧૪૨૭ | ૧૫૫૯ |
| ૧૬ | કપાસ | ૧૦૫૦ | ૧૫૫૦ |
| ૧૭ | એરંડા | ૧૦૬૫ | ૧૧૪૫ |
| ૧૮ | જીરૂ | ૩૮૦૦ | ૮૮૫૦ |
| ૧૯ | રાયડ | ૮૪૨ | ૯૪૪ |
| ૨૦ | રાય | ૯૦૦ | ૧૧૧૫ |
| ૨૧ | ઈસબગુલ | ૩૬૭૦ | ૪૦૮૫ |
| ૨૨ | ધાણા | ૯૯૮ | ૧૭૯૮ |
| ૨૩ | ધાણી | ૮૦૦ | ૧૫૪૨ |
| ૨૪ | અજમા | ૧૮૬૦ | ૨૧૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું **કર્ણાટકમાં કમળ મજબૂત કે કોંગ્રેસ**

સ્થાનિક સરકારને ભૂલીને માત્રને માત્ર પોતાના કામકાજને ધ્યાને રાખીને મતદાન કરવા જણાવ્યું હતું અને સમગ્ર ચૂંટણીની જવાબદારી તેઓએ સ્વીકારી હતી.

બીજી તરફ "ભારત જોડો" યાત્રાથી નવા સ્વરૂપમાં આવી ગયેલ રાહુલ ગાંધીએ કર્ણાટકનાં ખૂણે–ખાંખરે પહોંચીને મતદારોને ભાજપની ભ્રષ્ટ સરકારને ઉખેડી ફેંકવા અને મોંઘવારી, બેરોજગારી, ગરીબી વધારનાર ભાજપને જડબાતોડ જવાબ આપવા હાંકલ કરી હતી. તો પ્રિયંકા ગાંધીએ પણ સ્વ. ઈન્દિરા ગાંધીની સ્ટાઈલમાં ચૂંટણી પ્રચાર કરીને મતદારોને આકર્ષવા ભારે દોડધામ કરી હતી.

તદઉપરાંત કોંગ્રેસનાં રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનું હોમ ગ્રાઉન્ડ, કોંગી નેતા સિધ્ધારમૈયાની જબ્બરી લોકપ્રિયતાનાં કારણે કોંગ્રેસ પક્ષનો માહોલ મજબૂત બની રહ્યો હતો. તો કર્ણાટક ભાજપનાં સૌથી કદાવર અને લોકપ્રિય નેતા બી.એસ. યુદુરપ્પાની અવગણનાથી ભાજપની શરૂઆત જ સાવ કંગાળ રહી હતી. જો કે કોંગ્રેસે બજરંગ ગૃપ પર પ્રતિબંધની જાહેરાત કરીને પ્રધાનમંત્રીએ બજરંગ ગૃપની સરખામણી બજરંગબલી સાથે કરીને હિન્દુત્વનો મુદો ઉભી કરીને મતદારોને બેરોજગારી, મોંઘવારી અને ભ્રષ્ટાચારથી ધ્યાન ભટકાવવા માટે ભારે પ્રયાસ કર્યો હતો.

પરંતુ મતદારોએ કયાં પક્ષ તરફી મતદાન કર્યુ તેની જાણકારી તો મત ગણતરી બાદ જ બહાર આવશે. જો કે એકિઝટ પોલ અને સટ્ટા બજારમાં કોંગ્રેસ પક્ષનો વિજય થાય તેવું બહાર આવી રહ્યું છે.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **વસંતબેન બળવંતભાઈ રાઠોડ** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી પ્રમુખસ્વામી નગર
રે. સર્વે.નં. ૧૧૭ પૈકી — બીનખેતી સબ પ્લોટ નં. ૫૬/૧
સીટી સર્વે નં. NA૧૧૭/૪N૧૩/૫૬/૧ — જેના ચો.મી. ૪૬–૦૨
રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર : ૩૧૬૧/૨૦૨૧ — રજી. તારીખ : ૨૮/૦૭/૨૦૨૧

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ મુકેશભાઈ ગોબરભાઈ દસલાણી પાસેથી વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. તેઓએ આ મિલ્કત આશાબેન જયંતિલાલ દવે તથા વસંતરાય લક્ષ્મીશંકર ત્રિવેદી પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૨૯૨૦/૨૦૧૭ તા. ૨૮/૦૮/૨૦૧૭નાં રોજ ખરીદ કરેલ છે. તેઓએ આ મિલ્કત દુલાભાઈ ભગવાનભાઈ કાબરીયનાં કુલમુખત્યાર ચીમનભાઈ કરશનભાઈ કવા પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૨૦૮૧/૨૦૧૧ તા. ૦૩/૦૫/૨૦૧૧નાં રોજ ખરીદ કરેલ છે. જે અંગેનું કુલમુખત્યારનામું તા. ૨૭/૧૦/૨૦૧૦નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૨/૦૫/૨૦૨૩
અમરેલી
ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

**ઉદયન ત્રિવેદી**
એડવોકેટ

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૦૦ | ૧૫૩૦ |
| ૨ | મગફળી | ૧૦૦૧ | ૧૩૩૦ |
| ૩ | ઘઉં | ૩૯૫ | ૪૩૨ |
| ૪ | ચણા | ૮૧૨ | ૯૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી ઉનાળુ | ૧૨૭૧ | ૧૫૫૧ |
| ૨ | શીંગ જીણી | ૧૧૩૪ | ૧૪૩૭ |
| ૩ | શીંગ મોટી | ૧૦૬૫ | ૧૫૩૧ |
| ૪ | તલ સફેદ | ૨૪૦૦ | ૩૦૦૦ |
| ૫ | જીરૂ | ૮૫૦૦ | ૯૩૦૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૫૫૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૧૧ | ૪૬૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૨૭ | ૫૧૨ |
| ૯ | બાજરો | ૩૨૫ | ૪૭૫ |
| ૧૦ | જુવાર | ૫૨૫ | ૮૨૬ |
| ૧૧ | મકાઈ | ૪૯૦ | – |
| ૧૨ | મગ | ૧૫૫૧ | ૧૮૧૧ |
| ૧૩ | ચણા સફેદ | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૧૪ | ચણા | ૮૭૫ | ૯૫૨ |
| ૧૫ | દેશી ચણા | ૯૨૫ | ૧૦૫૦ |
| ૧૬ | તુવેર | ૧૪૦૦ | ૧૬૫૧ |
| ૧૭ | એરંડી | ૧૦૭૭ | ૧૧૫૬ |
| ૧૮ | મેથી | ૧૦૦૦ | ૧૧૧૩ |
| ૧૯ | ધાણા | ૧૦૦૦ | ૧૧૯૧ |

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલા : જુના સાવર ગામનાં**

કાનાણી તથા પંચાયતના સભ્યો અને આગેવાનો દ્વારા લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ.

સાવરકુંડલા–રંઘોળા રોડ જે નેશનલ હાઈવેમાં સમાવેશ કરાયેલ છે જેનું શરૂ થયેલ કામ છેલ્લા ૨ વર્ષથી સાઈડ ખોદેલ બંધ થયેલ છે જેના કારણે અસંખ્ય અકસ્માતો થાય છે તેમજ હયાત રોડ એકદમ ખરાબ થયેલ હોય ખૂબ જ અગવડતા પડે છે તો રોડનું રીપેરીંગ કામ થાય અને બંધ પડેલ કામ તાત્કાલિક શરૂ કરવા રજૂઆત કરેલ છે.

જુના સાવરથી કેરાળા(ધાર) કી.મી. ૫ જેમા ૯ થી ૧૧ જેટલા બેઠા કોઝવે આવેલ છે ચોમાસામાં આ કોઝવેમાં પાણી આવે તથા ભરાઈ રહેવાના કારણે ચોમાસામાં રસ્તો બંધ રહે છે. તો કોઝવેની જગ્યાએ સ્લેબ ડ્રેઈન બનાવવામાં રજૂઆત કરેલ છે.

૨૦૧૫માં શેત્રુંજી નદીમાં પૂર આવેલ જેના કારણે સીમ રક્ષક પાળ ા તથા ગામ રક્ષક પાળા તૂટી ગયેલ જેના કારણે ખેડૂતોની જમીન ધોવાણ થાય છે તેમજ ગામમાં અવારનવાર પુર આવવાથી જાનમાલને નુકસાન થાય છે. જે બાબતની રજૂઆત પંચાયત સિંચાઈ વિભાગને અનેકવાર કરેલ છે. તો તાત્કાલિક આ તૂટેલા પાળા રીપેરીંગ થાય તેમ રજૂઆત કરવામાં આવેલ છે.

જુનાસાવર ગૌચરણમાં દેશી તથા ગાંડા બાવળો પુષ્કળ પ્રમાણમાં છે અને ગામનું પશુધન ખૂબ મોટું છે આ બાવળોને કારણે પશુઓને ચરવા માટે અંદર જઈ શકાય તેમ નથી તેથી આ બાવળો કટીંગ પંચાયત દ્વારા ચાલું કરેલ પણ વન વિભાગ દ્વારા આ બાવળના કટીંગ લાકડા લઈ જતા વાહનોને રોકી દંડ કરવામાં આવે છે જેના કારણે અધૂરૂં કામ જે બંધ થયેલ છે. આ બાબતે મામલતદાર તથા વનવિભાગને વાહતુક પાસ માટે લેખિત રજૂઆત કરેલ છે પણ વાહતુક પાસ કાઢી આપવામાં આવતો નથી. તો સત્વરે વાહતુક પાસ મળે તે અંગે રજૂઆત કરેલ છે.

સાવરકુંડલા–રંઘોળા રોડે જુનાસાવર દલિતવાસ પાસે વરસાદી પાણીના નિકાલ માટે રોડમાં પાઈપ છે જેના કારણે ગામનું વરસાદી પાણી નિકાલ થતો નથી તો આ પાઈપની જગ્યાએ સ્લેબ ડ્રેઈન બનાવવામાં આવે તો આ પ્રશ્ન હલ થાય તેમ છે. તો સ્લેબ ડ્રેઈન બનાવવા માંગણી કરેલ છે.

જુનાસાવર ગામે નીકળતી શેલ, નાવલી નદીમાં બાવળો તેમજ નદીના વહેણ બંધ થયેલ છે જેના કારણે આ નદીમાં પૂર આવે એટલે નદીના વહેણ બંધ હોવાના કારણે પૂરનું પાણી ખેડૂતોના ખેતરમાં ફરી વળે છે જેના કારણે ખેડૂતોની જમીન દર ચોમાસામાં ધોવાણ થાય છે. તો આ શેલ તથા નાવલી નદીને પહોળી કરી અડચણરૂપ વહેણમાંથી બાવળો તથા કાંઠાના ભાગે પાળા કરવા માંગણી કરેલ છે.

ઉપરોકત તમામ ખૂબ જ જરૂરી પ્રશ્નોનું સરપંચ કલ્પેશભાઈ કાનાણી, મનુભાઈ મુખી, ધર્મેન્દ્રભાઈ કાનાણી, ઉપસરપંચ કનુભાઈ રાઠોડ, નરેશભાઈ બગડા, હિંમતભાઈ ઝાલાવાડીયા, છગનભાઈ કોળી, હિંમતભાઈ કોળી તથા આગેવાનો દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવેલ છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા :** પ્રવીણભાઈ નારણભાઈ કલાવડીયા (ઉ.વર્ષ ૭૨) તા. ૧૧/૫/૨૦૨૩ ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે તે અજયભાઈ તથા પરેશભાઈના પિતા થાય. સદગતનું બેસણું તા. ૧૩/૫/૨૦૨૩ને શનિવાર સમય ૪ થી ૬ કલાકે જેસરરોડ, શ્રધ્ધા સોસાયટી, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા :** બાબુભાઈ ગોવિંદરાય અગ્રાવત (ઉ.વ. ૭૨) સ્વ. તા. ૧૧/૫/૨૩ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે તે નરેન્દ્રભાઈ તથા રવિભાઈના પિતા થાય. સદગતનું બેસણું તા. ૧૩/૫/૨૩ શનિવારના રોજ સવારના ૮ થી સાંજના ૬ કલાક સુધી અમારા નિવાસસ્થાન શ્રદ્ધા સોસાયટી, જેસર રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા :** રાઘવભાઈ રામજીભાઈ વસોયા (ઉ.વ. ૭૭) સ્વ. તા. ૧૧/૫/૨૩ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે મધુભાઈ તથા બટુકભાઈના ભાઈ થાય. સદગતનું બેસણું તા. ૧૩/૫/૨૩ને શનિવારના રોજ સવારે ૮ થી સાંજના ૫ કલાક સુધી 'ઋષિકેશ', રેલ્વે ફાટક પાસે, જેસર રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૫૫૮ |
| ૨ | ધાણા | ૭૨૫ | ૧૨૨૫ |
| ૩ | ચણા | ૬૦૫ | ૯૧૬ |
| ૪ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૩૮ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૪૫૦ |
| ૬ | તુવેર | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૭ | સોયાબીન | ૯૭૯ | ૯૮૧ |
| ૮ | શીંગ ફાડા | ૧૬૬૫ | ૧૬૬૫ |
| ૯ | શીંગ દાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૦ | છોલે ચણા | ૧૯૨૨ | ૧૯૨૨ |
| ૧૧ | મગફળી | ૧૧૦૦ | ૧૩૩૦ |
| ૧૨ | સફેદ તલ | ૨૭૫૦ | ૨૯૦૦ |
| ૧૩ | લસણ | ૩૪૫ | ૩૪૫ |
| ૧૪ | ગમ ગુવાર | ૮૦૦ | ૮૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું **સા.કુંડલામાં બળબળતાં બપોરે**

દ્વારા જણાવાયું. આમ ગણો તો પાર્કીંગ એ પણ ખૂબ જરૂરી છે. વળી અહીં તો જાહેર જનતા માટે બગીચો પણ આવેલ હોય પાર્કિંગ પ્લેસ ખૂબ આવશ્યક છે. વળી બાજુમાં જ સાવરકુંડલા મહુવા રોડ પસાર થતો હોય આ રોડ પર વાહનવ્યવહારની અવરજવર પણ ખાસ્સી હોય એટલે બાગની સાઈડની આ જગ્યા પર જાહેર પાર્કિંગ ઝોન બને તો અહીં આવતાં લોકો માટે ઘણી રાહત થાય અને પોતાનું વાહન શાંતિથી પાર્ક કરી અને બગીચામાં હરીફરી પણ શકે.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરા ખાતે આવેલ હોટલમાં**

હોટેલમાં બસ હોલ્ટ કરતા બસમાં બેસેલ મુસાફરો નીચે ઉતરતા આ કામના આરોપીએ તકનો લાભ લઈ બસમાં જઈ ફરિયાદીના થેલામાં રહેલ અલગ અલગ ઘાટ અને વજનનાં સોનાના ઘરેલા કુલ કિંમત રૂા. ૧,૯૫,૦૦૦ની ચોરી કરી નાસી ગયેલ હોય જે બાબતે હોનેસ્ટ હોટેલ તેમજ બાબરા ટાઉન વિસ્તારમાં આવેલ સીસીટીવી કેમેરા આધારે તપાસ કરતા આરોપી સી.ડી. ૧૦૦ મોટર સાયકલ રજી.નં. જી.જે.–૦૪ ૫૫૪૮ની લઈ નીકળતા જેની ઉંમર આશરે ૪૦–૪૫ની હોવાનું જણાતું હોય. જે આરોપીના ફોટોગ્રાફસ મેળવી બાબરા તથા અમરેલી તથા ભાવનગર તથા બોટાદ જિલ્લાનાં અલગ–અલગ વિસ્તારમાં તપાસ દરમ્યાન બાતમી રાહે હકીકત મળેલ કે ઉપરોકત મોટર સાયકલ સાથે ફોટોગ્રાફસમાં દેખાતો ઈસમ બાબરાથી હોનેસ્ટ હોટેલ તરફ જનો હોય જેથી સર્વેલન્સ ટીમે તુર્તજ મજકુર ઈસમને હોનેસ્ટ હોટેલ નજીક ઉભો રખાવી પોલીસ સ્ટેશને લાવી પુછપરછ કરતા આજથી આશરે પાચેક મહિના પહેલા પોતે હોનેસ્ટ હોટેલમાં ઉભી રહેલ ગુજરાત ટ્રાવેલ્સની બસમાંથી સોનાના, દાગીનાની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ હોય. જેથી તપાસ દરમ્યાન પોતે ચોરી કરેલ સોનાના, દાગીના ગામ–નાજાપુર તા.વડિયા મુકામે સોનીની દુકાને પોતે દવાખાનાનાં કામે આર્થિક જરૂરિયાત હોવાનું કહી દાગીના મુકી રોકડ રકમ મેળવેલ હોય. જે સોનાના દાગીના પૈકી અલગ અલગ દાગીના તથા સોનાનો ઢાળ કિ. રૂા. ૧,૯૫,૦૦૦ તેમજ મોટર સાયકલ કિં. રૂા. ૧૦,૦૦૦ ગણી કુલ કિ.રૂા. ૨,૦૫,૦૦૦નો મુદ્દામાલ તપાસ દરમ્યાન કબ્જે કરી ચોરીમાં સંડોવાયેલ આરોપીને ધોરણસર અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

**ગુન્હામાં પકડાયેલ આરોપીની વિગત :** ધીરૂભાઈ છગનભાઈ વોરા (ઉ.વ. ૪૨) ધંધો. ખેતીકામ રહે. તોરી રામપર, તા. વડિયા.

ઉપરોકત કામગીરી બાબરા પોલીસ સ્ટેશનનાં પો.ઈન્સ. આર.ડી. ચૌધરી તેમજ પો.સબ ઈન્સ. બી.પી. પરમાર તથા સર્વેલન્સ સ્કોડના અના. એ.એસ.આઈ. જયદેવભાઈ આર. હેરમા તથા પો.કોન્સ. મહાવીરસિંહ, બી. સીંધવ તથા પો.કોન્સ. રાજેશભાઈ જી. રાઠોડ તથા પો.કોન્સ ગોકુલભાઈ એમ. રાતડીયાનાઓ દ્વારા કરવામાં આવેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૧ | ૧૫૬૦ |
| ૨ | ચણા | ૯૫૦ | ૯૭૦ |
| ૩ | જુવાર | ૬૭૧ | ૮૦૮ |
| ૪ | સોયાબીન | ૯૭૦ | ૯૭૦ |
| ૫ | બાજરો | ૪૭૦ | ૪૯૪ |
| ૬ | ધાણા | ૭૦૦ | ૯૮૫ |
| ૭ | તલ | ૨૭૭૫ | ૨૮૨૫ |
| ૮ | મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૯ | અજમા | ૧૫૦૦ | ૧૫૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૪૦૦ | ૫૨૬ |
| ૨ | જુવાર | ૫૦૧ | ૯૭૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૪૫૦ |
| ૪ | કાંગ | ૭૦૦ | ૭૦૦ |
| ૫ | સોયાબીન | ૮૨૫ | ૧૦૧૦ |
| ૬ | અજમા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૭ | તુવેર | ૧૪૦૦ | ૧૪૫૦ |
| ૮ | ચણા | ૭૭૦ | ૯૪૧ |
| ૯ | ધાણા | ૬૦૦ | ૯૨૫ |
| ૧૦ | રાય | ૮૨૫ | ૧૧૨૧ |
| ૧૧ | શીંગ | ૧૨૨૨ | ૧૩૮૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૭૮૧ |
| ૧૩ | તલ કાળા | ૨૩૦૦ | ૨૮૦૦ |
| ૧૪ | કપાસ | ૧૧૫૦ | ૧૫૬૧ |

### વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગ અમરેલી જિલ્લા દ્વારા

# અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહીયાનું સન્માન કરાયું


## વિશ્વ ગુજરાતી સમાજ સંસ્થા અંગે માહિતગાર કરાયા



અમરેલી, તા. ૧૨

વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગ અમરેલી દ્વારા ગૌરવશાળી ગુજરાતી તરીકે ગુજરાત સ્થાપના દિવસના અનેરા અવસરે જિલ્લા કલેકટર અજય દહીયાને ગૌરવશાળી ગુજરાતી તરીકે પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા વિવિધ ક્ષેત્રે પોતાનું અનેરૂં યોગદાન આપતા હોય તેવા વિવિધ સંસ્થાઓના સંચાલકો તરીકે સેવાકીય કાર્યો કરતા હોય કે પછી સમાજને માર્ગદર્શીત કરતા હોય, વિવિધ ક્ષેત્રોમાં સાહિત્ય કલા કે અન્ય કોઈ વિષયો સાથે જોડાયેલા હોય તેવા આગેવાનોને સન્માનિત કરવાનો એક કાર્યક્રમ દર વર્ષે ગુજરાત સ્થાપના દિવસ અંતર્ગત મે મહિનામાં આયોજિત થતો હોય છે. તે અંતર્ગત અમરેલી જિલ્લા કલેકટર અજય દહીયાને સન્માનિત કરવામાં આવ્યા છે. આ તકે વિશ્વ ગુજરાતી સમાજ અમરેલી જિલ્લા યુથ વિંગના કન્વીનર રિતેશ સોની, અમરેલી જિલ્લા એડવાઈઝર કમિટી મેમ્બર રામદેવસિંહ ગોહિલ, જી.જી.બેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલના પ્રિન્સિપાલ રોહિતભાઈ મહેતા, ખોડલધામ જિલ્લા યુવા સમિતિના સહ કન્વીનર રાજેશભાઈ ગઢીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા મેરીયાણા ગામે પ્રવેશદ્વારનું લોકાર્પણ થયું



સાવરકુંડલા. તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગામે આજે ગેટનું લોકાર્પણ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા હસ્તે કરવામાં આવ્યું. આ ગેટના દાતા વિશાલભાઈ પ્રવીણભાઈ ખાતરાણી, સાગરભાઈ પ્રવીણભાઈ ખાતરાણી, પ્રવીણભાઈ શંભુભાઈ ખાતરણી જેવો હતા. આ ગેટ સ્વર્ગસ્થ કાશીબા તથા સ્વર્ગસ્થ શંભુભાઈ પુનાભાઈના સ્મરણાર્થી બનાવવામાં આવ્યો છે.

આ તકે સાવરકુંડલા તાલુકાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. તેમજ સાવરકુંડલા તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, બાંધકામ સમિતિના ચેરમેન પુનાભાઈ ગજેરા, જિલ્લા સદસ્ય લાલભાઈ મોર, જિલ્લા સદસ્ય શરદભાઈ ગોદાની સાવરકુંડલા તાલુકા પંચાયત સદસ્ય જીતુભાઈ કાછડીયા (ગાધકડા), તેમજ વિજયભાઈ ચાવડા (વીજપડી), હરેશભાઈ ભુવા (વીજપડી), ચેતનભાઈ માલાણી (ખડસલી) જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ગેટનું નવનિર્માણ કાર્યમાં સંપૂર્ણ પૂર્ણ થયું ત્યાં સુધી અવિરત સેવાનું યોગદાન મેરીયાણા ગામના સરપંચ હિતેશભાઈ ખાતરાણી એ ઉઠાવેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવેલ કાર્યક્રમના અંતમાં મેરીયાણા ગામના ગ્રામજનો મૂળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામને ખાતરાણી પરિવાર દ્વારા અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવ્યો. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### અનેક પરિવારોનાં ''ઘરનાં ઘરનું'' સ્વપ્ન સાકાર

# સા.કુંડલા ખાતે અમૃત આવાસોત્સવ અંતર્ગત લાભાર્થીઓને ચાવી અર્પણ

## પાલીકાનાં શાસકો દ્વારા સુંદર આયોજન



સાવરકુંડલા, તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે આવાસ યોજના અંતર્ગત ગૃહ પ્રવેશ લોકાર્પણ અને ખાતમુર્હતના પ્રોગ્રામનું આયોજન મહાત્મા ગાંધી મંદિર ગાંધીનગર ખાતે લાઈવ પ્રસારણ રાખેલ જેને અનુલક્ષી સાવરકુંડલા નગરપાલિકા ખાતે અમૃત આવાસોત્સવ પ્રોગ્રામ હેઠળ સાવરકુંડલા શહેર અને તાલુકામાં તૈયાર થયેલ આવાસનું આજે ચાવી આપી વિતરણ કરેલ અને ગૃહ પ્રવેશ તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું લાઈવ પ્રસારણ નિહાળેલ. ત્યારે આ કાર્યક્રમ સાવરકુંડલા નગરપાલિકાના બિલ્ડીંગમાં યોજાયો હતો અને આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને સાવરકુંડલા નગરપાલિકાના ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણીની ઉપસ્થિતિ માં યોજાયો અને આવાસ યોજનાના તૈયાર થયેલ મકાનોની ચાવીનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ તકે ઉપસ્થિત સાવરકુડલા નગરપાલિકા ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણી, નગર પાલિકાના પક્ષના નેતા મેહુલભાઈ ત્રીવેદી, નગરપાલિકાના સદસ્યો કમલેશભાઈ રાનેરા, રમેશભાઈ ચૌહાણ, કેશુભાઈ બગડા, અનિલભાઈ ગોહિલ, લાલાભાઈ ગોહિલ, ન.પા.ના અધિકારી ગોસાઈ, હેડકલાર્ક જોષીભાઈ, એન્જિ. ધાધલભાઈ, એન્જિનિયર બગડાભાઈ તેમજ તમામ કર્મચારીઓ તેમજ તમામ લાભાર્થીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા તે બદલ તમામનો આભાર નગરપાલિકાના ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણીએ વ્યકત કરેલ.

# રાજુલા પાલિકા દ્વારા પ્રધાનમંત્રી ગુજરાત આવાસ યોજના કાર્યક્રમ યોજાયો



રાજુલા, તા. ૧૨

પ્રધાન મંત્રી ગુજરાત આવાસ યોજના અંતર્ગત આજે ગાંધીનગર ખાતે પ્રધાનમંત્રીના હસ્તે આ કાર્યક્રમ ખુલ્લો મૂકવામાં આવેલો. ત્યારે આ લાઈવ કાર્યક્રમ આજે રાજુલા ગાંધી મંદિર ખાતે રાજુલા નગરપાલિકા દ્વારા યોજવામાં આવેલ. જેમાં આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય કરી આ કાર્યક્રમ ને ખુલ્લો મૂકવામાં આવેલ. આ વિશેષ કાર્યક્રમ માં કુલ ૧૧૨૨ લાભાર્થીના આવાસ યોજનામાં નામ મંજૂર થયેલ જે પૈકી આજે ૪૦૪ લાભાર્થેને ગૃહ પ્રવેશ આપવામાં આવેલ. આજના આ કાર્યક્રમ રાજુલા ગાંધી મંદિર ખાતે યોજવામાં આવેલ. આજનાં આ વિશેષ કાર્યક્રમમાં રાજુલા મામલતદાર સંદીપ જાદવ માજી નગરપાલિકા પ્રમુખ ભાજપ અગ્રણી રવુભાઈ ખુમાણ, પરેશભાઈ લાડુમોર ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ નગરપાલિકા સદસ્ય અમિત બાબરીયા, બકુલ વોરા, ચેમ્બર પ્રમુખ ગૌરાંગ મહેતા, જીગ્નેશ ત્રિવેદી સહિતનાં તમામ લાભાર્થીઓ તેમજ સરકારી અધિકારીઓ તેમજ વિવિધ સંસ્થાનાં કાર્યકર્તાઓ હાજર રહેલા સાથે સાથે રાજુલા નગરપાલિકાનો સમગ્ર સ્ટાફ તેમજ આઈ.સી.ડી.એસની તમામ બહેનો હાજર રહેલ અંતમાં તમામ લોકોએ સ્વચ્છતા જાળવવા બાબત પ્રતિજ્ઞા લીધેલી. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન હિતેશભાઈ કાતરીયાએ સંભાળેલ.

### પ્રધાનમંત્રી આવાસ યોજના(PMAY) કાર્યક્રમ અંતર્ગત

# બરવાળા બાવળ ખાતે વાનગી સ્પર્ધા યોજવામાં આવી

અમરેલી, તા.૧૨

પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) કાર્યક્રમ અંતર્ગત અમરેલી જિલ્લાના કુંકાવાવ ઘટકના અનીડા સેજાના બરવાળા બાવળ કેન્દ્ર નં.૬૯ (પ્રાથમિક શાળા)માં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે આંગણવાડીના કર્મચારીઓ દ્વારા વાનગી સ્પર્ધા યોજવામાં આવી હતી. બાળકોના સ્વાસ્થ્ય માટે પોષક આહારની અવનવી વાનગીઓ આ તકે પ્રદર્શિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સી.ડી.પી.ઓ., આઈસીડીએસ, આરોગ્ય તથા પ્રાથમિક શાળાના કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# દિલીપ સંઘાણીને શુભેચ્છા પાઠવતા મોટાભાઇ સંવટ




અમરેલી, તા. ૧૨

ભાજપનાં કદાવર નેતા અને ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં ૭૦માં જન્મદિને તેઓને શુભેચ્છા પાઠવતા ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી તથા જિલ્લા ભાજપના આગેવાન મોટાભાઈ સંવટ તથા નારણભાઈ ડોબરીયા.


હેપ્પી બર્થ-ડે...

બાબરાનાં સોલંકી પરિવારનાં લાડલા પુત્ર કરણસિંહ બીમલસિંહ સોલંકીનો આજે જન્મ દિવસ હોવાથી પરિવાર દ્વારા શુભેચ્છાઓ સહ આશિર્વાદ પાઠવ્યા છે.



કરણસિંહ સોલંકી


# વેરાવળ : પોલીસ શંકાસ્પદ બાઈક સાથે એક ઈસમને ઝડપી લીધો

ઉના, તા.૧૨

વેરાવળ સીટી પો.સ્ટેશન વિસ્તારમાં પ્રેટ્રોલીંગ ડ્રાઈવ સબબ પેટ્રોલીંગમા હતા દરમ્યાન એ.એસ.આઈ. વિપુલભાઈ રામસિંહભાઈ તથા પો.હેડ.કોન્સ. મયુરભાઈ મેપાભાઈને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે વેરાવળ ખારવાવાડ, જુના ભોયવાડાના નાકા પાસેથી મુજેફર હનીફભાઈ ધંધા જાતે પટ્ટણી નંબર પ્લેટ વગરની મોટર સાયકલ ચલાવી નીકળતા મજકુરને સદરહુ મો.સા.બાબતે પુછપરછ કરતા અને મોટર સાયકલ જોતાં કાળા કલરની આગળ પાછળ નંબર પ્લેટ વગરની જુના જેવી સ્પેંડર મો.સા. હોય જેના એન્જીન નંબર ૦૪બી૧૫ઈ૦૯૭૨૭ તથા ચેસીસ નંબર–૦૪બી૧૫એફ૦૦૧૭૦ સદર મો.સા.ના નંબર અંગેની કોઈ માહિતી મળેલ ન હોય જેથી મજકુર પાસે તેના હવાલાના મોટર સાયકલના આર.ટી.ઓ.ને લગત કાગળો કે આધાર પુરાવા હોય તો રજુ કરવા જણાવતા પોતાની પાસે આ મોટર સાયકલના કોઈ આર.ટી.ઓ.ને લગત કાગળો કે આધાર પુરાવા નહી હોવાનું જણાવેલ હોય અને ફરતા ફરતા જવાબો આપેલ હોય અને મો.સા.બાબતે કોઈ સંતોષકારક જવાબ આપેલ ન હોય, જેથી મજકુર ઈસમએ ઉપરોકત મો.સા.ચોરી છુપીથી કે છેતરપીંડીથી મેળવેલ હોવાનુ જણાતુ હોય જેથી મજકુર ઈશમ પાસેથી મળી આવેલ મો.સા.ની કિ.રૂા. ૧૦,૦૦૦/– ગણી સી.આર.પી. સી. કલમ–૧૦૨ મુજબ શકપડતી મિલ્કત તરીકે કબ્જે કરી મજકુર ઈસમને સી. આર. પી. સી. કલમ–૪૧(૧)ડી મુજબની ધોરણસર કાર્યવાહી કરવામાં આવી હતી

# ખાંભામાં મનરેગા યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો



ખાંભા, તા. ૧૨

ખાંભા ગ્રામ પંચાયતના જાગૃત સરપંચ રીનાબેન બાબાભાઈ ખુમાણ દ્વારા સરકારની ગરીબોને રોજીરોટીની મંજૂરી મળે અને તળાવ ઊંડા થાય તો પાણીના સ્ટોરેજ થવાથી ખેતીને પણ રવિપાકમાં ફાયદાકારક છે સાથે કુવા અને પાણીના બોરમાં જળ વધવા પામે તેવા આશયથી સરકારની મનરેગા યોજનાના કામો શરૂ કરવા રજૂઆત કરતા ખાંભા તાલુકા પંચાયત દ્વારા મંજૂરી આપવામાં આવી.

ખાંભા ગ્રામ પંચાયત દ્વારા મનરેગા યોજનાનું કામ શરૂ કરાતા ગરીબ પરિવારમાં હર્ષ અને લાગણી જોવા મળી. કામ કરવા વહેલી સવારથી જ મજૂરો હાજર થયા હતા. ૮૦ મજૂર પરિવારો દ્વારા હાજરી આપતા જોવા મળ્યા.

# ઉના ખાતે સત્સંગ, બ્લડ ડોનેશન કેમ્પ અને શહીદોનું સન્માન કરાયું







તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના સુવર્ણ બાગ ખાતે લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ જૂનાગઢ પ્રદેશ તથા એસવીજી ટ્રસ્ટ દ્વારા શ્રી લક્ષ્મીનારાયણદેવ વડતાલ પીઠાધીશ પ.પૂ. સનાતન ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશિર્વાદથી સત્સંગની વૃધ્ધિ તથા સર્વે મોક્ષભાગી જીવાત્માના કલ્યાણ અર્થે પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાનિધ્યમાં રસીકભાઈ નારણભાઈ ધકાણનાં મુખ્ય યજમાન પદે જૂનાગઢ પ્રદેશના ઉના, હડમડીયા–કોડીનાર, મોતીસર, મોટા સમઢીયાળા, ટીંબી, હેમાળ, ભુંડણી, આદસંગ, દેતડ, રૂગનાથપુર ખોડી, ઓઢાના સમઢીયાળા, વેરાવળ, તાલાલા, ધારી એમ ૧૪ દેશના આશરે ૧૫૦ ગામોના હરિભકતો તથા એસ.વી.જી. ટ્રસ્ટ તથા લક્ષ્મીનારાયણ યુવક મંડળ તથા લક્ષ્મીનારાયણ મહિલા મંડળના હજારો હરિભકતોની હાજરીમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ તેમજ વીર શહીદ સન્માન કાર્યક્રમ યોજાયો. ત્રણ દિવસથી ચાલતા ત્રિદિનાત્મક સત્સંગ શિબિરના અંતિમ દિવસે ભાવિ આચાર્ય લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની હાથીની અંબાડીએ ઉનાના મુખ્ય માર્ગ પર શોભાયાત્રા નીકળી ત્યાર બાદ સુવર્ણ બાગ ખાતે ઉના વિસ્તારના થેલેસેમિયા ગ્રસ્ત બાળકો માટે ચાલતા બ્લડ ડોનેશન કેમ્પની મુલાકાત લીધી હતી. અહીં ૧૦૮ બોટલ એકત્રિત થયેલ રકતનું દાન બ્લડબેન્કને અર્પણ કરવામાં આવ્યું હતું. લઈ અને ઉના વિસ્તારના ૮ શહીદ પરિવારનું તેમજ હાલ દેશની રક્ષા કાજે આર્મીમાં ફરજ બજાવતા અને વય નિવૃત્તિ પામેલા ૨૧ જવાનોનું સન્માન કાર્યક્રમ યોજાયો ત્યારે ઉના પ્રદેશના ૮ શહીદ પરિવારોનું સન્માન કરી તેમના બાળકોને આજીવન અભ્યાસ અર્થે પાઠય પુસ્તક અને નોટબુકો એસ.વી.જી. ટ્રસ્ટ દ્વારા આપવાની ભાવિ આચાર્ય લાલજી નૃગેન્દ્ર પ્રસાદજી મહારાજે જાહેરાત કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ૧૦૮ લાલજી મહારાજશ્રી નૃગેન્દ્ર પ્રસાદજી મહારાજશ્રી એ હરિભકતોના ધર્મ પ્રત્યેની નિષ્ઠા અને ભાવની પ્રશંસા કરીને ભગવાનની પરાવાણી વચનામૃતમાં લખેલી નીતિ અને નિશ્ચયની વાતને શાસ્ત્રોકત વિસ્તૃત સમજણ આપી અંતે હરિભકતોને પોતાનું જીવન ભગવાને કરેલી આજ્ઞાનું સંચય કર્યા વગર ચુસ્તપણે પાલન કરવા અને ભગવાનમય જીવન બનાવવાની સમજણ આપી આ કળયુગી વાતાવરણમાં ભકિતનું અંગ હોવા છતાં વિષયો અને માયાના આવરણ આવી કોઈ જીવાત્મા ભટકી ન જાય એની ચિંતા ભગવાન સ્વામિનારાયણે કરી આપણને આ સાત્વિક સંપ્રદાયની પ્રણાલિકા આપી ભકિતનો માર્ગ આપી અને સાથે સાથે આવા દિવ્ય ઉત્સવો આપી કે જેમાં આપણે આપણા મનને શુદ્ધ કરી અને પરમાત્મામય બનાવવા માટે આ ઉત્સવો આપ્યા છે તેની સમજણ આપી આશીર્વચન આપ્યા હતા. આ ત્રિદિનાત્મક સત્સંગ શિબિરમાં વડતાલ રઘુવીર વાડીએથી પધારેલા સંતો નિષ્કામસ્વામી, જ્ઞાનસ્વામી, પાર્ષદો ન્યાલકરણ ભગત તેમજ બગસરાથી શૈલેષભગત અને સાસણથી પધારેલા પ્રમોદભગતે અને દરેક ગામના પ્રતિનિધિ હરિભકતોએ પોતાની સંગીતમય શૈલીમાં ભગવાન ભગવાનના ચરિત્રો સમજાવી ભજન કરી અને કેમ અક્ષરધામને પામવું તેની સમજણ આપી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન જુનાગઢ દેશના પ્રતિનઘિ નંદલાલભાઈ બામટા દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉત્સવ પ્રસંગે આજથી ૨૦૦ વર્ષ પૂર્વે સયાજીરાવ ગાયકવાડ સરકારે શ્રી સ્વામિનારાયણ ભગવાનની બરોડા ખાતે હાથીની અંબાડીએ પ્રથમ શોભા યાત્રા કાઢી હતી. તેવી દિવ્ય લીલા ચરિત્ર સાથે ધર્મકુળ મુગટ મણી ભાવિ આચાર્ય લાલજી મહારાજે ઉનામાં તેવી જ દિવ્યતા સાથે દર્શન આપી ધર્મકુળ આશ્રિત હરિભકતો અને સર્વે સમાજના લોકોએ હળી મળીને આ દિવ્ય ઉત્સવ પૂર્ણ કર્યો હતો.

હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એક્સિડન્ટ) થયેલ ફેકચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...

ઓર્થોપેડીક વિભાગ મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં

ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલ્ટન્ટ ઓર્થોપેડીક,
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન

ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી

- દરેક પ્રકારનાં હાડકાનાં ફેકચરની અદ્યતન સારવાર - ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફેકચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.

ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક | નિદાન ફી માત્ર રૂા.૫૦/-
પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન

NCT NETRA CHIKITSA TRUST
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪


## સમગ્ર દેશની જનતા અને રાજકીય પક્ષોનાં કાર્યકરોમાં પરિણામને લઈને ઉત્સુકતા

# કર્ણાટકમાં કમળ મજબૂત કે કોંગ્રેસ ? : આજે ફેંસલો

**કર્ણાટકનાં સાડા ત્રણ કરોડ કરતાં પણ વધારે મહિલા અને પુરૂષ મતદારોએ કર્યુ છે મતદાન**

**દક્ષિણ ભારતનાં પ્રવેશદ્વાર સમાન સુખી-સમૃધ્ધ રાજયમાં યોજાયેલ ચૂંટણીનું આજે પરિણામ થશે જાહેર**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કોંગી નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની લોકપ્રિયતાનું માપ નીકળશે**

**ન્યુઝ ચેનલ અને સટ્ટાબજારમાં કોંગ્રેસ પક્ષને સફળતા મળે તેવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે**







અમરેલી, તા. ૧૨

દક્ષિણ ભારતનાં પ્રવેશદ્વાર સમાન સુખી, સમૃધ્ધ રાજય ગણાતા કર્ણાટકમાં બુધવારે સંપન્ન થયેલ વિધાનસભાની ૨૨૪ બેઠકોની ચૂંટણીની મત ગણતરી આવતીકાલ શનિવારે સવારે શરૂ થવાની હોય બપોર સુધીમાં ચિત્ર સ્પષ્ટ થવાનું હોય અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશની જનતા અને રાજકીય કાર્યકરોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છેલ્લા એક અઠવાડીયામાં સેંકડોની સંખ્યામાં જનસભા અને રોડ–શો કરીને મતદારોને ભાજપ તરફી મતદાન કરવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, સ્થાનિક ઉમેદવાર કે

અનુસંધાન પાના ૬ ઉપર


ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ
OXFORD SCHOOL OF SCIENCE AMRELI
અમરેલી
જોઈએ છે
➤ આસીસ્ટન્ટ ટીચર
✓ (વિષય : ગણિત, વિજ્ઞાન)
➤ ગૃહમાતા – ૨
✓ અનુભવિને પ્રાધાન્ય આપવામાં આવશે
✓ રસ ધરાવનાર ઉમેદવારે રૂબરૂ સંપર્ક કરવો
ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ
કેરીયા રોડ, અમરેલી
ફોન નં. 02792-230010/20
મો. 63529 29855


## પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શન તળે સ્થાનિક પોલીસ ટીમની કામગીરી

# બાબરા ખાતે આવેલ હોટલમાં ખાનગી બસનાં મુસાફરનાં સોનાના દાગીનાની ચોરી કરનાર ધીરૂભાઈ વોરાની અટકાયત


**આરોપી તોરી–રામપુર ગામનાં હોવાનું બહાર આવ્યું**

બાબરા, તા. ૧૨

આજથી પાંચ મહિના પહેલા બાબરા ખાતે આવેલ હોનેસ્ટ હોટેલમાં ગુજરાત ટ્રાવેલ્સની બસમાં મુસાફરી કરતાં પેસેન્જરનાં બેગમાંથી સોનાના દાગીનાની ચોરી કરેલ ઈસમને સી.સી.ટી.વી. કેમેરા આધારે પકડી ચોરીમાં ગયેલ મુદ્દામાલ અલગ અલગ ઘાટ અને વજનના સોનાના, દાગીના તથા સોનાનો ઢાળ કુલ કિંમત રૂા. ૧,૯૫,૦૦૦ તથા ગુન્હામાં ઉપયોગ કરેલ મોટર સાયકલ કિંમત રૂા. ૧૦,૦૦૦ મળી કુલ કિંમત રૂા. ૨,૦૫૦૦૦નો મુદ્દામાલ રીકવર કરી અનડીટેકટ ગુન્હો બાબરા પોલીસ ટીમે ડીટેકટ કરેલ છે. વિગતો એવા પ્રકારની છે કે, બાબરા પો.સ્ટે.માં કલમ ૩૭૯ મુજબનો ગુન્હો તા.૧૩/૧૨/૨૦૨૨નાં બાબરા પાસે આવેલ હોનેસ્ટ હોટેલ ખાતે બનેલ હોય અને તા. ૨૦/૨/૨૩નાં ગુન્હો રજીસ્ટર થયેલ હોય જે બનાવની હકીકત એવી છે કે આ કામે ફરીયાદી ભાવનગરથી રાજકોટ જતી ખાનગી ટ્રાવેલ્સ કંપની ગુજરાત ટ્રાવેલ્સમાં મુસાફરી કરતા હોય તે દરમ્યાન બાબરા નજીક આવેલ હોનેસ્ટ

અનુસંધાન પાના ૬ ઉપર





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## સરપંચ કલ્પેશભાઈ કાનાણીનો ઉમદા પ્રયાસ

# સાવરકુંડલા : જુના સાવર ગામનાં અનેક પ્રશ્નો અંગે ''સ્વાગત કાર્યક્રમ''માં રજૂઆત કરાઈ

**કેટલા પ્રશ્નોનું નિરાકરણ થાય છે જોવું રસપ્રદ રહેશે**

સાવરકુંડલા, તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલ સ્વાગત કાર્યક્રમ થકી ગામડાના પ્રશ્નો તેમજ વિકાસને લગતા પ્રશ્નોનાં ઉકેલ લાવવા જે સુચારૂ શરૂઆત કરેલ જેના ૨૦ વર્ષ પૂર્ણ થતાં ગુજરાતમાં એક જ દિવસે તમામ જગ્યાએ સ્વાગત કાર્યક્રમ થયેલ.

જે અંતર્ગત જુનાસાવર ગામના નાગરિકોને સ્પર્શતાં વણ ઉકેલ પ્રશ્નો જેની લેખિત તથા મૌખિક અનેકવાર રજૂઆત કરેલ જેનો નિરાકરણ આવેલ નથી તેવા પ્રશ્નોનું સ્વાગત કાર્યક્રમમાં ગામના સરપંચ અને ભાજપના આગેવાન કલ્પેશભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
જેની પાસે ધૈર્ય છે અને જે મેહનતથી ગભરાતો નથી, સફળતા તેની દાસી છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868



નારી હોસ્પિટલ
હવેથી અમો મળીશું નીચેના નવા સરનામા પર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
નારી હોસ્પિટલ હવે નવા રંગરૂપમાં, આધુનિક સાધનો તથા અદ્યતન સુવિધાઓ સાથે દર્દીઓને ઉત્તમ વાતાવરણ તથા સારવાર મળી રહે તે હેતુથી અમો નવી જગ્યાએ પ્રસ્થાન કરી ચુકયા છીએ તો હવેથી અમારૂ નવું સરનામું નીચે મુજબ રહેશે.
નવું સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.


## ઘણા સમયની માંગ પૂર્ણ કરાઈ

# ભૈ વાહ : સા.કુંડલામાં બળબળતાં બપોરે ટ્રાન્સફોર્મરને દૂર કરીને જગ્યા ખુલ્લી કરાઈ

**પાલિકાએ પાર્કિંગની વ્યવસ્થા કરી**





સાવરકુંડલા, તા. ૧૨

અંતે પંડિત દીનદયાળ ઉપવન પાસે આવેલ ટ્રાન્સફોર્મરને શીફટ કરાતાં સાવરકુંડલા શહેરમાં આવેલ જનતા બાગ પાસે મોકળાશ થતાં આસપાસના ગંદકી કચરો દૂર થયાં અને ભવિષ્યમાં આ ફાજલ જમીન પર અહીં બગીચે હરવા ફરવા આવતાં લોકો માટે જાહેર પાર્કીંગ ઝોન બનશે એવું સાવરકુંડલા નગરપાલિકા ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણી

અનુસંધાન પાના ૬ ઉપર

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)